**રે.દિ.મુ.નં.૧૨/૨૦૧૯**

## આંક–પ લગત હુકમ

(૧) હાલની અરજી વાદીએ સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯, રૂલ ૧–ર તથા કલમ ૧પ૧ હેઠળ દાવાના આખરી નિકાલ સુધી વાદગ્રસ્ત રસ્તા સબંધે કામચલાઉ પ્રતિબંધાત્મક તેમજ આજ્ઞાત્મક મનાઈ હુકમ મેળવવા સારૂ કરેલ છે.

(ર) વાદીની આંક–૦પ ની મનાઈ અરજીની ટુંક હકીકત તેમજ તે સંદર્ભે કરેલ દલીલ જોઈએ તો, માંગરોળ બંદર મુકામે દરીયા કીનારે નવા સ.નં.૧૬પ૪ જુના સ.નં. ૧૦૮ પૈકીવાળી રૂકકા નં.૯૬/ર૦૦૦ તા.ર–૯–૧૯૯૪ ના આધારવાળી મીલ્કત ચો.ગજ ૧૩૯૧–૩–પ૦ ક્ષેત્રફળવાળી મીલ્કત વાદીના ગુજ.કરશનભાઈ શામજીભાઈ ગોસીયાની આવેલ હતી અને સદર મીલ્કત રાજાશાહીના સમયમા માંગરોળના રહીશ ગુલાબચંદ વલ્લભચંદ પાસેથી તા.૩૧–પ–૧૯૪૪ ના રોજ ખરીદ કરેલી. જેનો જે તે વખતે રૂકકા નં.૯૬/ર૦૦૦ કરી આપેલ. આ મીલ્કતમા ગુજ.કરશનભાઈ શામજીભાઈના વારસ પુત્રોના ભાઈઓ ભાગમા આવેલી. હાલના વાદીઓ ગુજ.કરશનભાઈ શામજીભાઈના પૌત્ર દરજજે સદર મીલ્કત ધરાવે છે. આ મીલ્કત વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમા ચડેલ ન હોય ર૦૦૩ ના અરસામા નાયબ કલેકટર કેશોદ સમક્ષ અરજી કરતા તેમણે મામલતદાર માંગરોળને રેકોર્ડ ઓફ રાઈટના આધારે નિર્ણય લેવા હુકમ ફરમાવેલો. ઉપરોકત મીલ્કતમા બાંધકામવાળા કુલ–૯ રૂમ આવેલા જેમા ઉતર દિશાના ૩ રૂમ હાલના વાદીઓના પિતાશ્રીઓના ભાગમા આવેલા અને ત્યારથી વાદીઓ તેનુ ગોડાઉન સ્વરૂપે ઉપયોગ કરે છે અને આ ગોડાઉનમા ફીશીંગને લગતો સરસામાન રાખે છે. સદર ગોડાઉનની ઉતર દિશાએ ર૦ ફુટ પહોળાઈનો પશ્ચિમથી પુર્વ તરફ જતો વર્ષો જુનો સુખાધિકારનો રસ્તો આવેલ છે જેમા થઈને વાદીઓ પોતાના ટ્રક, ટ્રેકટર, રીક્ષા, જે.સી.બી. જેવા વાહનો વડે અવરજવર કરે છે. આ વીશેક ફુટ પહોળવાળા સુખાધિકારવાળા રસ્તામા પતિવાદીઓને અટકાયત, અવરોધ કરવાનો કોઈ હકક, અધિકાર ન હોવા છતાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ બાંધકામ કરવાની તજવીજ કરતા વાદી ધ્વારા મામલતદારશ્રી માંગરોળને આ બાબતે લેખીત વાંધા આપેલા પરંતુ તેમા કોઈ કાર્યવાહી થયેલ નહીં. પ્રતિવાદીઓને પણ આ બાબતે લીગલ નોટીસ તા.૧પ–૧ર–૧૮ ના રોજ આપેલી પરંતુ પ્રતિવાદીઓએ અટકાયત, અવરોધ કરવાનુ ચાલુ રાખતા

વાદીને રસ્તામા અટકાયત થાય તે રીતે દીવાલ ચણવા ખોદકામ કરેલ છે અને પ્રતિવાદી ઓએ વાદીઓના ગોડાઉનની ઉતરે ૩ ફુટ જગ્યા છોડીને ૨ ફુટ ઉચી દિવાલ ચણી લઈઅટકાયત, અવરોધ કરી સુખાધિકારનો ભંગ કરેલ હોય હાલનો દાવો અને કામચલાઉની મનાઈહુકમની અરજી કરવી પડેલ છે. વાદી વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે આ કામે કોર્ટ કમીશ્નર મારફત સ્થળ રોજકામ કરવામા આવેલ છે જેમા ગોડાઉનની ઉતરે રસ્તો આવેલાનુ દર્શાવેલ છે. જે માર્ક–૯/૧ વાળુ રોજકામ તથા માર્ક–૯/૨ વાળા નકશા મુજબ વાદીના સુખાધિકારવાળો રસ્તો સ્થળ પર હોવાનુ રેકર્ડ ઉપર આવતુ હોય તે ધ્યાને લેવા રજુઆત કરેલ છે. વાદીએ આંક–૩૯ થી પ્રતિવાદીઓના વાંધા જવાબ સબંધે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જેમા વાંધા જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વાદી વકીલશ્રીએ વિશેષમા રજુઆત કરતા જણાવેલ છે કે સદર ગોડાઉન વાળી મીલ્કત વાદીઓનુ વેપાર ધંધાનુ સ્થળ હોય અને વર્ષોથી સુખાધિકારની રૂએ વાદગ્રસ્ત રસ્તાનો વેપાર ધંધા અર્થે અવરજવર માટે ઉપયોગ કરતા હોય તેમા પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે અટકાયત કરેલ હોય જો કામચલાઉ મનાઈહુકમની અરજી મંજુર કરવામા ન આવે તો વાદીઓને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય. વાદીઓ સદર મીલ્કતના રૂકકા નં.૯૬/૨૦૦૦ આધારે સદર મીલ્કતના વર્ષોથી માલીક, કબજે ભોગવટેદાર છે જે અંગેના દસ્તાવેજ માર્ક–૪/૧ થી રજુ કરેલ છે માટે વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે. વાદી ધ્વારા મામલતદારશ્રી માંગરોળને સદર મીલ્કત રેવન્યુ રેકર્ડે નોંધ થવા તથા રેવન્યુ રેકર્ડના ઉપજ પત્રકે ચડાવવા અરજ અહેવાલ કરેલ છે જે આ કામે માર્ક–૪/૨ તથા માર્ક–૪/૩ થી રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમા વાદીએ માર્ક–૪/૪ થી ચીફ ઓફિસર માંગરોળને બાંધકામ અટકાવવા માટે અરજી કરેલ તે રજુ રાખેલ છે. તેમજ માર્ક–૪/૫ થી પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓને આપેલ લીગલ નોટીસની નકલ રજુ કરેલ છે. સદર દસ્તાવેજો આધારે વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરેલાની રજુઆત કરી વાદગ્રસ્ત રસ્તામા પ્રતિવાદીઓ વાદીને અટકાયત, અવરોધ ન કરે તેવો કામચલાઉ પ્રતિબંધાત્મક મનાઈહુકમ તથા તથા વાદીઓના ગોડાઉનની ઉતરે પ્રતિવાદી ઓએ જે દીવાલ ગેરકાયદેસર રીતે ચણી લીધેલ છે તેને તાત્કાલીક દુર કરાવવા કામચલાઉ આજ્ઞાત્મક મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ આંક–૧૩ થી દાવા તથા હાલની અરજીના સંયુકત વાંધા જવાબ રજુ કરેલ છે જેમા વાદીના સુખાધિકારના રસ્તાની હકીકતનો

ઈન્કાર કરેલ છે. પ્રતિવાદી નં.૧ થી ૩ ના વિ.વ.શ્રીએ વાંધા જવાબ તથા મૌખીક રજુઆત મુજબ જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧ થી ૩ એ ગુજરાત સરકારના કાયદા હેઠળની વૈદ્યાનીક સંસ્થા છે. સરકારશ્રી ધ્વારા પ્રસીધ્ધ કરેલ ગેઝેટ મુજબ ગુજરાત મેરીટાઈમ બોર્ડની માલીકીની વીશાળ જમીનો આવેલ છે જે પૈકી જુદી જુદી જમીનો તથા ગોડાઉનો આઈસ ફેકટરી, ફીશ એક્ષપોર્ટ માટેના કોલ્ડ સ્ટોરેજના ધંધાકીય હેતુથી જુદી જુદી વ્યકિતઓ તથા કંપનીને ફાળવવામા આવેલ છે. ગોડાઉન નં.૨ અને ૩ ના પાછળના ભાગે ગુજરાત મેરીટાઈમ બોર્ડ ધ્વારા માંગરોળના રહીશ વીરેન્દ્ર આર. ખેતલપારને કોલ્ડ સ્ટોરજેના હેતુ માટે ૧૪૨૫ ચો.મી. જમીન લીઝ ડીડથી ફાળવેલ છે જેમા બાઉન્ડ્રી વોલ બનાવેલ છે. બંદર વિસ્તાર એ પ્રતિબંધીત વિસ્તાર હોય રાષ્ટ્રીય સુરક્ષાના હેતુસર પણ કોઈને ગેરકાયદેસર પ્રવેશ આપી શકાય નહીં. માટે વાદી જે સુખાધિકારના રસ્તાનો કેસ લઈને આવેલ છે તદ્વન ખોટી હકીકતો દર્શાવી પોતાનો નવો હકક ઉભો કરવાના હેતુથી કોર્ટ સમક્ષ આવેલ હોય અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમા રજુઆત કરેલ છે કે વાદી જે ગોડાઉન તેમની માલીકીના હોવાનુ જણાવે છે તેના કોઈ રેવન્યુ રેકર્ડમા આજદિન સુધી નામ ચડેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી તેમજ વાદીએ જે દાદ માંગેલ છે તે પુરાવો લીધા વિના નિર્ણિત થઈ શકે તેમ નથી. તેમજ વાદીએ સરકારશ્રીને આ કામે પક્ષકાર તરીકે જોડેલ ન હોય જેથી વાદીનો દાવો તથા અરજી ટકવાપાત્ર ન હોય નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે આંક–૧૬ વાળી અરજીના હુકમ આધારે પ્રતિવાદી નં.૪ ને પક્ષકાર તરીકે જોડતા આંક–૨૮ થી વાંધા જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદી નં.૪ તરફે વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીનો ઈન્કાર કરી રજુઆત કરેલ છે કે વાદી જણાવે છે તેવી મીલ્કત તેની કાયદેસરની માલીકીની હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ પુરવાર કરવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. ગુજરાત મેરાટાઈમ બોર્ડ કાયદાથી સ્થાપીત બોડી હોય તેના ધ્વારા જે કાર્યવાહી કરવામા આવેલ છે તે કાયદાની મર્યાદામા રહીને થતી હોય તેના વિરૂધ્ધ વાદીના માંગ્યા મુજબનો મનાઈહુકમ આપી શકાય નહીં. વધુમા રજુઆત કરેલ છે કે દીવાલનુ ચણતર થઈ ગયેલાની હકીકત વાદીની અરજીમા જ જણાવેલ છે માટે જો આજ્ઞાત્મક મનાઈહુકમ હાલના તબકકે મંજુર કરવામા આવે તો દાવાની આખરી દાદ મંજુર થઈ જાય જે પુરાવો લીધા વિના ન કરી શકાય માટે પણ વાદીની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમા જણાવેલ છે કે વાદીના વેપાર ધંધા બંધ થઈ ગયેલા હોય તેવી વાદીની કોઈ રજુઆત નથી માટે વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ પુરવાર થતો ન

હોય અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) વાદીની કામચલાઉ મનાઈ હુકમની અરજી, પ્રતિવાદીઓનો જવાબ તેમજ કોર્ટ કમીશ્નરે રજુ કરેલ રોજકામ/નકશો તથા રજુ કરેલ દસ્તાવેજો તથા મૌખિક રજૂઆત ધ્યાને લેતા હાલની અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમા છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાં થી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ છે?

૪. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા જવાબો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :–**

ઉપરોકત મુદ્દાઓ લગત હકિકતોનું પુનરાવર્તન ટાળવાનાં હેતુથી આ મુદાઓની સંયુકત ચર્ચા અત્રેની કોર્ટ ધ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૮) આ કામે વાદીનો દાવો તથા હાલની મનાઈ અરજી સંબંધે વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેવામા આવે તો સૌપ્રથમ માર્ક–૪/૧ થી વાદીએ રૂકકા નંબર ૯૬/૨૦૦૦ ધ્યાને લેતા તેમા આ કામના વાદીઓના દાદા ગુજ.કરશનભાઈ શામજીભાઈનુ નામ તથા ક્ષેત્રફળ ૧૩૯૧–૩–૫૦ ચોરજ ગજનુ ક્ષેત્રફળ હોવાનુ દર્શાવેલ છે પરંતુ સદર રૂકકા સાથે જે નકશો રજુ થયેલ છે તેમા વાદીઓના કહયા મુજબના ૨૦ ફુટના પહોળાઈવાળા રસ્તાની કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. તે જ રીતે સદર રૂકકાના

પેઈજ નં.ર ઉપર મીલ્કતની ચર્તુઃસીમા જેવી વિગતો દર્શાવેલાનુ જણાય આવે છે પરંતુ તેમા પણ વાદીના જણાવ્યા મુજબના ર૦ ફુટની પહોળાઈવાળા સુખાધિકારના વાદગ્રસ્ત રસ્તાની કોઈ હકીકત સ્પષ્ટ થતી નથી. વધુમા વાદીએ સદર દાવાવાળી મીલ્કત તેમના દાદાના અવશાન બાદ તેઓના પિતાશ્રી તથા તેમના અન્ય ભાઈઓને મળેલાનુ જણાવેલ છે અને હાલના વાદીઓએ સદર મીલ્કતના રેવન્યુ રેકર્ડ તેઓનુ નામ દાખલ કરવા અરજી અહેવાલ માર્ક–૪/ર અને માર્ક–૪/૩ વાળા રજુ કરેલ છે પરંતુ તે અંગે મામલતદારશ્રી માંગરોળ તરફથી કોઈ નિર્ણય થયેલ હોય અને વાદીઓના નામ રેવન્યુ રેકર્ડ દાખલ કરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમા વાદી તકરારી રસ્તાનો સુખાધિકારની રૂએ કરતા આવેલાનુ કથન કરેલ છે પરંતુ તે અંગે કોઈ જ દસ્તાવેજી પુરાવો કે આજુબાજુના ઈસમોના સોગંદનામાં રજુ કરેલ નથી માટે વાદીના જણાવ્યા મુજબનો સુખાધિકારનો રસ્તો વર્ષોથી અસ્તિત્વમા હોવાની હકીકત પુરાવો લીધા વિના નિર્ણિત થઈ શકે નહીં. વાદગ્રસ્ત રસ્તા સબંધે વાદીએ કોઈ પ્રાથમિક પુરાવો પણ રજુ કરેલ નથી. પ્રતિવાદી નં.૧ થી ૩ એ કાયદાથી સ્થપાયેલી વૈદ્યાનીક બોર્ડ હોય તેના ધ્વારા કરવામા આવેલી કાર્યવાહી ગેરકાયદેસરની હોવાનુ પુરાવાના અભાવે તથા માત્ર વાદીના કથન આધારે પ્રાથમિક દ્રષ્ટિએ પુરવાર થયેલ કહી શકાય નહીં. વધુમા વાદીની અરજીની હકીકતો ધ્યાને લેતા સદર તકરારી સુખાધિકારનો રસ્તો પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓની જમીનમા આવેલ છે કે કેમ ? તેવી પણ કોઈ સ્પષ્ટતા થતી નથી. સુખાધિકારની વ્યાખ્યા વંચાણે લઈએ તો તેમા જે મીલ્કતના લાભદાયી ઉપયોગ માટે કોઈ અધિકારનુ અસ્તિત્વ હોય તેવી મીલ્કતને ડોમીનન્ટ હેરીટેજ કહેવામા આવે છે અને જે મીલ્કત ઉપર આવા અધિકારની જવાબદારી સ્થાપીત થયેલ હોય તે સર્વીયન્ટ હેરીટેજ કહેવામા આવે છે. વાદીની અરજી વંચાણે લેતા ઉપરોકત હકીકત સ્પષ્ટ થતી નથી. વધુમા આ કામે વાદીની અરજી આધારે કોર્ટ કમીશ્નર મારફત સ્થળ રોજકામ તથા રફ નકશો માર્ક–૯/૧ તથા ૯/ર વાળો રજુ કરવામા આવેલ છે. જે ધ્યાને લઈએ તો પોર્ટ ગોડાઉન નં.ર તથા પોર્ટ ગોડાઉન નં.૩ ની વચ્ચે રસ્તો હોવાનુ દર્શાવેલ છે પરંતુ તે વાદીના જણાવ્યા મુજબનો ર૦ ફુટની પહોળાઈ વાળો સુખાધિકારનો જ રસ્તો હોવાનો વાદીએ કોઈ પ્રથમદર્શનીય આધાર પુરાવા રજુ કરેલ નથી. માટે રોજકામમા દર્શાવેલ સદર રસ્તો વાદીનો સુખાધિકારનો રસ્તો હોય અને તેમા પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ ગેરકાયદેસર રીતે અટકાયત, અવરોધ કરેલ હોય તેવુ પ્રથમદર્શનીય રીતે ફલીત થતુ નથી. વધુમા માર્ક–૯/ર વાળા સ્થળ નકશામા વાદીની

માલીકીનુ નળીયાળુ મકાન તેવી રીતે જે મીલ્કત દર્શાવેલ છે તેની દક્ષીણ દિશાએ પણ ૩ દરવાજા આવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ આ દક્ષીણ તરફના દરવાજા બાજુની સ્થળ સ્થિતિ શું છે તેની કોઈ હકીકત સ્પષ્ટ જણાવેલ નથી માત્ર છીતરી બાદ દેવા હીરાની ભેણી તથા થોડા ભાગમા રસ્તો બાદ અરબી સમુદ્ર આવેલ છે તેવુ જણાવેલ છે. આમ વાદીના મકાનની દક્ષીણે જે દરવાજા આવેલ છે તે બાજુ આગળની સ્થળ સ્થિતિ શું છે તે બાબતની વાદીએ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આ દક્ષિણ તરફમા થોડા ભાગમા રસ્તો આવેલાનુ વાદીએ ચર્તુઃદીશામા દર્શાવેલ છે તો એ રસ્તો વાદી ઉપયોગ કરી શકે છે કે કેમ ? તે અંગે કોઈ સ્પષ્ટતા વાદીની અરજીમા કરેલ નથી. પ્રતિવાદીઓએ વાદીનો વેપાર ધંધો બંધ નથી ગયેલ અને અવરજવર માટેનો અન્ય રસ્તો આવેલ છે તેવી રજુઆત કરેલ છે તે વાદીએ આ "થોડા ભાગમા રસ્તો" એ રીતે જે દક્ષિણ તરફની દિશા દર્શાવેલ છે તે હકીકત ધ્યાને લેતા વ્યાજબી જણાય છે. આમ વાદી અત્રેની કોર્ટ સમક્ષ જે સુખાધિકારના રસ્તાની દાદ લઈને આવેલ છે તે સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા પુરાવો લીધા વિના નિર્ણિત થઈ શકે તેમ નથી. રેકર્ડ ઉપર જે પુરાવો રજુ કરેલ છે તેનુ પ્રથમદર્શનીય રીતે મુંલ્યાકન કરતા વાદીના જણાવ્યા મુજબના ૨૦ ફુટની પહોળાઈવાળા સુખાધિકારના રસ્તાની હકીકત પ્રાથમિક દ્રષ્ટિએ ફલીત થતી નથી. તેમજ વાદીની મીલ્કતની ચર્તુસીમા મુજબ દક્ષિણ તરફની સ્થળ સ્થિતિમા રસ્તાની જે હકીકત દર્શાવેલ છે તે ધ્યાને લેતા વાદી પોતાનો સુખાધિકારનો રસ્તો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી તેવુ મારૂ માનવુ છે. વાદી પક્ષે નામ.સુપ્રીમ કોર્ટના reported in AIR 1990 SC page no-867 Dorab Vs. Coomi" ના ચુકાદા આધારે રજુઆત કરેલ છે કે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ ખાસ સંજોગોમા મંજુર કરી શકાય. વાદીનો હાલનો કેસ ખાસ સંજોગોમા પડતો હોય જો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર ના કરવામા આવે તો વાદીને મોટુ નુકશાન જાય તેમ હોય પ્રતીવાદી વિરુધ્ધ વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ તથા દાવાના આખરી નીકાલ સુધી પ્રતીબંધાત્મક મંજુર કરવા રજુઆત કરેલ છે. વાદી પક્ષની રજુઆત અનુસંધાને સદર ચુકાદો ધ્યાને લઈએ તો તેમા ઠરાવેલ છે કે,it has been held by the Hon'ble Supreme Court of India in para-14 and 15 of its pronouncement in "Dorab Vs. Coomi" reported in AIR 1990 SC page no-867 that "The relief of interlocutory mandatory injunctions are thus granted generally to preserve or restore the status quo of the last non-

contested status which preceded the pending controversy-until the final hearing when full relief may be granted or to compel the undoing of those acts that have been illegally done or the restoration of that which was wrongfully taken from the party complaining. But since the granting of such an injunction to a party who fails or would fail to establish his right at the trial may cause great injustice or irreparable harm to the party against whom it was granted or alternatively not granting of it to a party who succeeds or would succeed may equally cause great injustice or irreparable harm, courts have evolved certain guidelines. Generally stated these guidelines are :

(1) The plaintiff has a strong case for trial. That is, it shall be of a higher standard than a prima facie case that is normally required for a prohibitory injunction.

(2) It is necessary to prevent irreparable or serious injury which normally cannot be compensated in terms of money.

(3) The balance of convenience is in favour of the one seeking such relief. Being essentially an equitable relief the grant or refusal of an interlocutory mandatory injunction shall ultimately rest in the sound judicial discretion of the Court to be exercised in the light of the facts and circumstances in each case.

Though the above guidelines are neither exhaustive nor complete nor absolute rules, and there may be exceptional circumstances needing action, applying them as pre-requisite for the grant or refusal of such injunctions would be a sound exercise of a judicial discretion”.

આમ, સદર ચુકાદામા ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને લઈએ તો આદેશાત્મક વચગાળાનો મનાઈ હુકમ માટે વાદીનો મજબુત પ્રથમદર્શનીય કેસ હોવો જરૂરી છે. ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો સદર કારણોસર વાદીને મદદરૂપ બનતો નથી તેવુ મારૂ નમ્રપણે માનવુ છે. વધુમા આદેશાત્મક વગગાળાના મનાઈ હુકમ માટે વાદીનો કેસ વચગાળાના પ્રતીબંધાત્મક મનાઈ હુકમ મુજબના પ્રથમ દર્શનીય કેસ કરતા વધુ મજબુત કક્ષાનો હોવો જોઈએ. તેમજ નામ.સુપ્રીમ કોર્ટે એવુ પણ ઠરાવેલ છે કે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર કે નામંજુર કરતો હુકમ ન્યાયીક વિવેક બુધ્ધી મુજબનો હોવો જોઈએ. અગાઉના પેરામા ચર્ચા કરેલ છે તે મુજબ સુખાધિકારના રસ્તાની હકીકત વાદીએ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે આધારે પ્રથમદર્શનીય રીતે ફલીત થતી નથી. સદર વાદગ્રસ્ત રસ્તાની તકરાર સંપુર્ણ પુરાવો નોંધાયા બાદ જ નિર્ણિત થઈ શકે તેમ હોય જયારે વાદી પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામા નીષ્ફળ નીવડેલ હોય સગવડ અગવડની સમતુલા તથા નાણામા ભરપાઈ ન થઈ શકે તેવા નુકશાનના પરીબળ અંગે પણ વિશેષ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી. આમ સદર હકીકતો ધ્યાને લેતા વાદીના કેસમા વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ કે વચગાળાનો પ્રતીબંધાત્મક મનાઈ હુકમ ફરમાવવા યોગ્ય હોવાનુ જણાય આવતુ નથી. માટે વાદીની હાલની અરજી મંજુર કરવા યોગ્ય જણાતી નથી.

**–:: હુ ક મ ::–**

૧. વાદીની કામચલાઉ મનાઈહુકમની અરજી નામંજુર કરવામા આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૧૨ –૧૧–૨૦૨૪.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.

**JUDGE CODE NO.GJ-01238**